# ભાવનગર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪ ૦૨૨(ગુજરાત) ફોન:(જનરલ) ૨૪૩૦૦૦૨/ ૬/૭, ૨૫૧૧૫૬૫/૬૬
કુલપતિ:(ઓ)૨૪૨૬૫૧૯ (ઘર)૨૪૨૯૦૮૬ કુલસચિવ:(ઓ)૨૪૨૮૦૧૪ (ઘર)૨૫૧૯૫૯૬ ફેકસ:(૦૨૭૮) ૨૪૨૬૭૦૬,૨૫૧૩૯૪૩
ઈમેઈલ : registrarbu@emailplus.org વેબસાઈટ : www.bhavuni.edu

NAAC Accreditation Grade "B"

ક્રમાંક:એકેડે/જોડાણ/ ૨૮૧૬ / ૨૩૯૬ /૧૦ તા.૧૫/૦૨/૨૦૧૦.

વંચાણે લીધા :– (૧)એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૧૨/૦૬/૧૯૯૭ની સભાના ઠરાવ ક્રમાંક:(૧)
(૨)આ કાર્યાલયનો તા.૨૩–૨૮/૦૫/૨૦૦૭નો પત્ર ક્રમાંક:ACCD/UGC/661/816/2007
(૩)યુ.જી.સી.નો તા.૩૦/૦૪/૨૦૦૭નો પત્ર ક્રમાંક:F.1-3/2007(CPP)II પબ્લીક નોટીસ
(૪)આ કાર્યાલયનો તા.૦૮/૦૬/૨૦૦૭નો પરિપત્ર ક્રમાંક:એકેડે/જોડાણ/૭૮૩/૧૦૪૨/૦૭.
(૫)આ કાર્યાલયના પત્રાંક:એકેડે/જોડાણ/૧૩૨૬/૨૦૩૨/૨૦૦૭. તા.૦૭/૦૭/૨૦૦૭.
(૬)એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૧૨/૦૩/૦૯ની સભાના ઠરાવ ક્રમાંક:(૪)
(૭)આ કાર્યાલયના પત્રાંક:એકેડે/જોડાણ/૨૫૧૩/૫૧૭૯/૨૦૦૯. તા.૨૧/૦૩/૨૦૦૯.
(૮)એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૨૫/૦૧/૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક:(૧૦)

પરિપત્ર :–

ભાવનગર યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ, બાહય અભ્યાસક્રમના ડાયરેકટર, ડીપ્લોમાં અભ્યાસક્રમના કો–ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, પ્રથમ વર્ષના પ્રથમ સત્રમાં ગ્રાંટ ઈન એઈડ અને સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને ફી પરત (ફી રીફંડ) કરવા અંગેના નિયમો સંદર્ભિત એકઝીકયુટિવ કાઉન્સિલની તા.૨૫/૦૧/૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક:(૧૦)થી મંજૂર રહેતાં નીચે દર્શાવ્યા પ્રમાણેના રહેશે. જે શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી અમલમાં આવે છે.

**ભાવનગર યુનિવર્સિટીના ગ્રાંટેડ અનુસ્નાતક ભવનો, યુનિ.સંચાલિત કોલેજો તથા સંલગ્ન ગ્રાંટ ઈન એઈડ નીચે આવતી તમામ કોલેજો માટેના પ્રવેશ ફી રીફંડના નિયમો:–**

(૧) પ્રવેશ ફી ભર્યાની તારીખથી ચોખ્ખા પંદર (૧૫) દિવસોમાં જો કોઈપણ વિદ્યાર્થી પોતાનો પ્રવેશ જે તે અભ્યાસક્રમમાંથી રદ કરાવે તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ ભરેલ ફી માંથી ટયુશન ફી તથા કોશન મનીની ફી બાદ કરી બાકીની તમામ ફી પરત કરવાની રહેશે.

(૨) જો વિદ્યાર્થી પ્રવેશ ફી ભર્યાના ચોખ્ખા ૧૬થી૩૦ દિવસમાં પોતાનો પ્રવેશ રદ કરાવે તેવા કિસ્સામાં ટયુશન ફી+કોશનમની+રૂા.૫૦/– એડમિનિસ્ટ્રેટીવ ચાર્જના એમ કુલ ગણી વિદ્યાર્થીએ ભરેલ ફીમાંથી આ રકમ બાદ કરી બાકી વધતી રકમના ૫૦% રકમ પરત કરવાની રહેશે.

(૩) જો વિદ્યાર્થી ફી ભર્યાના ૩૦ દિવસો બાદ પોતાનો પ્રવેશ રદ કરાવે તેવા સંજોગોમાં વિદ્યાર્થીને ફી માંથી કોઈપણ પ્રકારનું રીફંડ મળવાપાત્ર નથી.

નોંધ:– જયાં કન્યા કેળવણી વિનામૂલ્યે આપવામાં આવે ત્યાં ફી રીફંડનો નિયમ લાગુ રહેતો નથી.

**ભાવનગર યુનિવર્સિટીમાં જે અભ્યાસક્રમોમાં મધ્યસ્થ પ્રવેશ પધ્ધતિથી પ્રવેશ અપાતો નથી તેવા સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમો, ડીપ્લોમા અભ્યાસક્રમો, પૂર્વ સ્નાતક અભ્યાસક્રમો (બી.એડ. સહિત) માટે ફી રીફંડના નિયમો :–**

(૧) જો કોઈ વિદ્યાર્થી ઉપરોકત અભ્યાસક્રમ શરૂ થયા અગાઉ પોતાનો પ્રવેશ રદ કરાવે તો તેનાથી ખાલી પડતી બેઠક પર પ્રતિક્ષાયાદી માંથી અન્ય વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે તેવા સંજોગોમાં આ બેઠક પરથી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને તેણે ભરેલ ટયુશન ફીમાંથી રૂા.૧૦૦૦/– પ્રોસેસીંગ ચાર્જના બાદ કરી બાકીની ટયુશન ફીની રકમ રીફંડ કરવાની રહેશે. અન્ય કોઈ ફી પરત મળવાપાત્ર નથી.

(૨) જો કોઈ વિદ્યાર્થી પોતાનો પ્રવેશ અભ્યાસક્રમ શરૂ થયા બાદ પ્રવેશ રદ કરાવે અને તેનાથી ખાલી પડેલ બેઠક અન્ય વિદ્યાર્થીથી ભરાય નહી તેવા સંજોગોમાં તેણે ભરેલ ફી માંથી કોઈપણ રકમ પરત મળવાપાત્ર નથી.

(૩) જો કોઈ વિદ્યાર્થી ઉપરોકત અભ્યાસક્રમ શરૂ બાદ બે માસ સુધીમાં પોતાનો પ્રવેશ રદ કરાવે તો તેનાથી ખાલી પડતી બેઠક પર પ્રતિક્ષાયાદી માંથી અન્ય વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા સંજોગોમાં જ આ બેઠક પરથી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને તેણે ભરેલ ટયુશન ફીમાંથી પ્રતિ માસ નિર્ધારિત ફી ના ૨૦% લેખે કપાત કરી બાકીની ફી રીફંડ કરવાની રહેશે. અન્યથા કોઈપણ ફી પરત મળવાપાત્ર નથી.

**ભાવનગર યુનિવર્સિટીમાં જે અભ્યાસક્રમોમાં મધ્યસ્થ પ્રવેશ પધ્ધતિથી પ્રવેશ આપવામાં આવે છે તેવા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો, ડીપ્લોમાં અભ્યાસક્રમો, પૂર્વ સ્નાતક અભ્યાસક્રમો માટે ફી રીફંડના નિયમો.**

(૧) ભાવનગર યુનિવર્સિટીની મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોય તે દરમિયાન રીશફલીગના કારણે કોલેજની ફેરબદલી થવાથી જે તે વિદ્યાર્થીએ જે કોલેજમાં ફી ભરી હોય તે કોલેજે તે તમામ ફી નવી કોલેજને પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા બાદ દિન–૭ (સાત)માં જે તે કોલેજને મોકલી આપવાની રહેશે. પ્રવેશ આપનાર નવી કોલેજે તેની નોંધ લઈ પ્રવેશ આપવાનો રહેશે.

જે કિસ્સામાં પ્રવેશ સમિતિ જ પ્રવેશ ફી સ્વીકારતી હોય ત્યાં આ સમિતિએજ જે તે વિદ્યાર્થીની ફી સીધીજ નવી કોલેજમાં ટ્રાન્સફર કરી આપવાની રહેશે.

(૨) મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોય અને તે દરમિયાન કોઈપણ વિદ્યાર્થી પોતાનો પ્રવેશ રદ કરાવે તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ ભરેલ ટયુશન ફી માંથી રૂા.૫૦૦/– મધ્યસ્થ પ્રવેશ સમિતિએ એડમિનિસ્ટ્રેટીવ ચાર્જ તરીકે કપાત કરી બાકીની ટયુશન ફીની રકમ વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.

(૩) મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ પૂરી થયા બાદ જો કોઈ વિદ્યાર્થી જે તે કોલેજમાંથી અભ્યાસક્રમ શરૂ થતાં પહેલા પોતાનો પ્રવેશ રદ કરાવે અને તેનાથી ખાલી પડનાર બેઠક પર પ્રતિક્ષાયાદીમાંથી અન્ય વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા સંજોગોમાં આ બેઠક પરથી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને તેણે ભરેલ ટયુશન ફીમાંથી રૂા.૧૦૦૦/– પ્રોસેસીગ ચાર્જના બાદ કરી બાકીની ટયુશન ફીની રકમ રીફંડ કરવાની રહેશે. અન્ય કોઈ ફી પરત મળવાપાત્ર નથી.

(૪) જો કોઈ વિદ્યાર્થી અભ્યાસક્રમ શરૂ બાદ બે માસ સુધીમાં પોતાનો પ્રવેશ રદ કરાવે તો તેનાથી ખાલી પડતી બેઠક પર પ્રતિક્ષાયાદી માંથી અન્ય વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા સંજોગોમાં જ આ બેઠક પરથી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીને તેણે ભરેલ ટયુશન ફી માંથી પ્રતિ માસ નિર્ધારિત ફી ના ૨૦% લેખે કપાત કરી બાકીની ફી રીફંડ કરવાની રહેશે. અન્યથા કોઈપણ ફી પરત મળવાપાત્ર નથી.

નોંધઃ– પ્રથમ સત્ર બાદ પ્રવેશ રદ કરાવવા માટે તથા ફી રીફંડના નિયમો જે તે સંસ્થા/કોલેજ/ભવનના નિયમોને આધિન રહેશે.

ભવદીય,

I/c કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વડાઓ તરફ....
(૨) યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ....
(૩) યુનિવર્સિટી સંલગ્ન એપ્રુવ્ડ ઈન્ટિટયુટ/માન્ય સંસ્થાઓ તરફ....
(૪) ભાવનગર યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ તરફ.........
(૫) બાહય અભ્યાસક્રમના ડાયરેકટરશ્રી / ડીપ્લોમાં અભ્યાસક્રમના કો–ઓર્ડીનેટરશ્રીઓ તરફ.....

**નકલ સવિનય રવાનાઃ–**
(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવ,ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબ વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૪) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૫) સેકશન ઓફીસરશ્રી, સામાન્ય વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
–એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૨૫/૦૧/૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૧૦)ના કોમ્પ્લાયંસની નોંધ લેવા સારુ